# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/ક્વા-૦૧/૨૦૨૦-૨૧/૯૭ તા.૨૯.૧૦.૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૩/ક્વા-૦૧/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી પ્રભાબેન પ્રભુદાસ ફોફંડી ગામ – વેરાવળ

સબડીવીઝન: વેરાવળ શહેર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૦૯.૧૦.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯.૧૦.૨૦૨૦ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ પીજીવીસીએલ ના એક પક્ષકાર હાજર રહેલ હતા.(અરજદાર શ્રી ને ત્રણ વખત સુનાવણી માં હાજર રેહવા માટે પત્ર પાઠવેલ છે.છતાં પણ તેઓશ્રી/કે કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી.)

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, પ્રભાબેન પ્રભુદાસભાઈ ફોફંડી તેઓના ઘરે તા.૧૭ – ૦૬ - ૨૦૨૦ થી બિલ આપવામાં આવેલ હતું. જીએઆરસી ના સપ્લાય કોડ ૦૪ /૨૦૧૫ ના પેરા નંબર ૬.૫૪ અનુસાર ગ્રાહકોને આપવામાં આવતા બીલમાં તમામ પ્રકારના ચાર્જીસ લખવા ફરજિયાત

હોય છે પરંતુ પેટા વિભાગીય કચેરી રજૂઆત કરતા તો કોઈપણ પ્રકારનો પ્રતિસાદ મળેલ ન હોય જેથી અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ ઉપરોક્ત વિષય તથા સંદર્ભેના અનુસંધાને જણાવવાનું કે આપને આપવામાં આવેલ બિલમાં-કુલ બિલની રકમ,પ્રોવિઝનલ બિલની રકમ,પાછલા બાકી/જમા રકમ તેમજ-ફાઇનલ ભરવા પાત્ર રકમ સ્પસ્ટ પણે દર્શાવવામાં આવેલ છે. તેમાં એનર્જીચાર્જ,ફ્યુલ ચાર્જ,વિધુત સુલ્ક દર્શાવેલ નથી જે અંગે તમાંરી રજૂઆત બાદ તમોને અમારી પેટા વિભાગીય કચેરી વેરાવળ શહેર દ્વારા પ્રત્યુતર પાઠવેલ છે.

૩.૧ અને આપણે સૌ જાણીએ છીએ તેમ હાલ કોવિડ-19 ની મહામારી ચાલી રહી હોય તેમાં મીટર રીડર ને તેમની નિયત સમય મર્યાદામાં બિલ બનાવવાના હોય અને સંભાવતા ક્યારેક તેમને આપવામાં આવેલ ઇલેક્ટ્રીક ઉપકરણમાં ખામી રહેવા પામેલ હોય તેવું પણ બને તેમ છતાં પણ તમારી અરજી ને ધ્યાને લઈ સબંધિત કર્મચારીને અમારા નાયબ ઇજનેર શ્રી પેટા વિભાગીય કચેરી વેરાવળ શહેર દ્વારા કડક સૂચના પણ પાઠવેલ છે

૩.૨ અને આ અંગે તમોને પણ તેમના દ્વારા સંતોષકારક પ્રત્યુતર પાઠવેલ છે તો આશા રાખીએ કે હવે તમોને આ અંગે કોઈ ફરિયાદ રહેલ તેમ ન હોય તેવું અમારું માનવું છે.

## :: હુકમ ::

૪.૦ અરજ્દારશ્રી દ્વારા કરેલ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી ને સદર કેશ માં ત્રણ વખત સુનાવણી માં હાજર રેહ્વા માટે પત્ર પાઠવેલા હોવા છતાં અરજદારશ્રી કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી. જેથી સદર બાબતે એક તરફી નિર્ણય લેવા માટે અત્રે ફોરમ ને ફરજ પડેલ છે.

૪.૨ સદર બાબતે સામાવાળા પક્ષ ને સાંભળી મુદ્દા નં. ૩.૦ અને ૩.૧ મુજબ પીજીવીસીએલ કંપની દ્વારા કરવામાં આવેલી કામગીરી યોગ્ય હોય તે મુજબ નો અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે જે અરજદારશ્રી ને બંધનકર્તા રહેશે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯